ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર જિલ્લાના ૧૨૧ ગામોમાં 'પંચવટી'નું નિર્માણ કરાશે

## જિલ્લાના કોઈપણ પ્રવાસન સ્થળનો પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની યોજનામાં સમાવેશ કરાયો નથી

ગામડાની શોભા વધે એવા હેતુથી રાજય સરકાર ગામડાઓમાં ૧૦૦૦ મીટર કે તેથી ઓછી જગ્યામાં પણ પંચવટી બનાવે છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૯ વર્ષમાં ગાંધીનગર તાલુકાના ૩૫ ગામડાઓમાં, દહેગામ તાલુકાના ૨૭ ગામોમાં, કલોલના ૩૮ ગામોમાં અને માણસાના ૨૧ ગામોમાં પંચવટીના કામો કરાયા છે.

પંચાયત રાજય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલના પ્રશ્નનો જવાબ આપતા વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૩-૧૪માં ગાંધીનગર જિલ્લામાં ૮ પંચવટી બનાવવાનું આયોજન કરેલ તે પૈકીનું એક પંચવટીનું કામ પૂર્ણ થયું છે.



**વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા**

ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર અને નિકોલના ધારાસભ્ય શ્રી જગદીશભાઈ પંચાલના પેટા પ્રશ્નોના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં પંચવટી બનાવવાનો કુલ ખર્ચ રૂ. ૧ કરોડ ૮૧ લાખ જેટલો થયો છે.

● **સમાવેશ નથી કરાયો**

ગાંધીનગર જિલ્લાના કોઈ પણ સ્થળને ૩૧-૫-૧૪ની સ્થિતિએ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટેની યોજનામાં સમાવેશ કરાયો નથી તેમ રાજયના પ્રવાસન મંત્રીશ્રીએ કોંગીના શ્રી બળદેવજી ઠાકોરના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

કલોલ તાલુકાના ઈફકો યુનિટને પણ પ્રવાસન સ્થળ તરીકે વિકાસ માટેનું કોઈ આયોજન નહિ હોવાનું મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● **રેતી તેમજ ગૌણ ખનિજના પરવાના**

કોંગીના શ્રી અમીતભાઈ ચૌધરીએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લમાં રેતી અને ગૌણ ખનિજના અપાયેલા પરવાના અંગે પુછેલા એક લેખિત પ્રશ્ના ઉત્તરમાં ખાણ ખનિજ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે એક પણ પરવાનો ૩૧-૫-૧૪ની સ્થિતિએ પૂર્ણ થતા છેલ્લા એક વર્ષમાં અપાયો નથી.

● **જિલ્લામાં અપાયેલ જોબકાર્ડ**

ગાંધીનગર (દ)ના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં મનરેગા હેઠળ કુટુંબોને અપાયેલા જોબકાર્ડ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ૫૦૧૪ પરિવારોને જોબકાર્ડ આપવામાં આવ્યા છે.

૨૦૧૨ના વર્ષમાં ૨૦૧૩ પરિવારોને જોબકાર્ડ અપાયા હતા. જેમાં દહેગામ તાલુકામાં ૭૪૩, ગાંધીનગર તાલુકામાં ૫૪૭, કલોલમાં ૭૬ અને માણસામાં ૬૪૭ પરિવારોને અપાયા હતા. આ પરિવારોને રોજગારી પણ આપવામાં આવી હતી.

૨૦૧૩-૧૪માં દહેગામમાં ૯૫ ગાંધીનગરમાં ૮૪૨ કલોલમાં ૪૭૬ અને માણસામાં ૭૦૮ પરિવારોને મળી કુલ ૩૦૦૧ જોબકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા હતા અને તેમને રોજગારી આપવામાં આવી હતી.

● **મિશન મંગલમ્ હેઠળ સ્વસહાય જૂથો**

ભાજપના શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં મિશન મંગલમ્ યોજના હેઠળ સ્વ સહાય જૂથોની ૨૦૧૩-૧૪માં કરાયેલી રચનાને લઈ પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૩-૧૪માં જિલ્લામાં ૨૭૧ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે.

આ પૈકી ૫૩ સ્વસહાય જુથને રિવોલ્વીંગ ફંડ પેટે રૂ. ૩,૦૫,૦૦૦ની ચુકવણી પણ કરી દેવામાં આવી છે.

● **વીજ વાયર બદલાયા**

કોંગીના શ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં વીજ પુરવઠામાં થતા વિક્ષેપને નિવારવા જર્જરિત વાયરો બદલવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે જિલ્લામાંથી કુલ ૧૨૪ ફરિયાદો આવી મળી હતી જેની તપાસને અંતે ૨૫.૦૧ કિ.મી. વિસ્તારના જર્જરિત વાયરો બદલી નાંખવામાં આવ્યા છે.

હાલ આવી કોઈ જ ફરિયાદ જિલ્લા કક્ષાએ પડતર નહિ હોવાનું પણ ઉર્જા મંત્રીશ્રીએ જણાવ્યું છે.

● **ઘરથાળના પ્લોટ**

કોંગીના શ્રી બળેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ઘરથાળના પ્લોટોની અરજી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજયના પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લાના ચારેય તાલુકામાંથી ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં કુલ ૩૭૨ અરજીઓ મળી હતી.

જે પૈકી ૨૦૧૨-૧૩માં ૧૩૭ અને ૨૦૧૩-૧૪માં ૯૮ પ્લોટ ફાળવી દેવામાં આવ્યા છે અને હાલ એક પણ અરજી ઘરથાળના પ્લોટની પડતર નથી.





કેન્દ્રીય અંદાજપત્રની સમીક્ષા - રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સોમવારની સાંજે કડી કેમ્પસના ખીમજી વીસરામ હોલમાં કેન્દ્રીય અંદાજપત્રની સમીક્ષા કરવા જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ મુકેશ પટેલનું વ્યાખ્યાન યોજાયું હતું. ગાંધીનગર રોટરી કલબ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પરંપરાગત રીતે બજેટ પરની ચર્ચાનો કાર્યક્રમ અસરકારક રીતે યોજાય છે. નગરના વેપારીઓ, વકીલો અને અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લે છે. આ વર્ષે પણ યોજાયેલ રસપ્રદ સમીક્ષા સાંભળવા મોટી સંખ્યામાં શ્રોતાજનો ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર : દિપક જાની)**

# સરકારી રહેણાંક માટે ટાવર-કેમ્પસ બનશે

## નિકાલ હેઠળના મકાનો દૂર કરી અદ્યતન કેમ્પસ બનાવવા ટુંકમાં પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર થશે : ઉચ્ચ અધિકારીઓએ મુખ્યમંત્રી સમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કર્યું

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં નિકાલ હેઠળના મકાનો દૂર કરી આધુનિક કેમ્પસ વિકસાવાશે. જેમાં કંગાળ સરકારી આવાસોના સ્થાને પાંચ મજલાનો ટાવર ઉભો કરાશે જ્યારે આ કેમ્પસમાં પ્લેગ્રાઉન્ડ અને બગીચા સહીતની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. આ મામલે ગત સપ્તાહમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને હાલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યા બાદ નિર્માણ કરાયેલા સરકારી આવાસો હાલ કંગાળ સ્થિતિમાં છે. સેક્ટરોમાં અંદાજિત વિવિધ કક્ષાના ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે. જ્યારે આ પૈકી ઘણા-ખરા મકાનો જોખમી હાલતમાં છે. વર્ષ-૨૦૦૫ દરમિયાન અત્યંત જોખમી ભાસતા ૧૯૦૪ જેટલા સરકારી મકાનો વિભાગ દ્વારા નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા પરંતુ દાયકાના અંતે પણ નિકાલ હેઠળના મકાનો હજુ યથાવત સ્થિતિમાં છે. જોખમી આવાસો તોડી પાડવા તબક્કાવાર મંજૂરી આપવામાં આપી દીધી છે. ત્યારે નિકાલ હેઠળના આ મકાનો દૂર કરી તેના સ્થાને તોતિંગ ટાવર ઉભા કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. આ મામલે હવે ચક્રો ગતિમાન થતાં આગામી દિવસોમાં આ કાર્યયોજના તૈયાર થઈ જાય તેવા સંકેતો સાંપડ્યા છે. નિકાલ હેઠળના મકાનો તોડીને જગ્યાની ઉપલબ્ધિ હોય તેવા ઠેકાણે અલાયદુ કેમ્પસ બનાવવાની દિશામાં પ્રાથમિક તૈયારીઓ આરંભી દેવાઈ છે. નિકાલ હેઠળના મકાનો દૂર કરી રહેણાંકના ટાવર સાથે કેમ્પસ વિકસાવવા આયોજન થઈ રહ્યું છે. ગત સપ્તાહ દરમિયાન વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સમક્ષ પ્રેઝન્ટેશન પણ યોજવામાં આવ્યું હતું. બેઠક અને પ્રેઝન્ટેશન બાદ નિકાલ હેઠળના મકાનોના બ્લોક દૂર કરી તેના સ્થાને

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૭૦ પ્રાથમિક શાળામાં ઈ-લર્નિંગ પ્રોજેક્ટ અમલી બનશે

## ''ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક ૧૦૦ દિવસ'' અંતર્ગત રાજ્યની ૫૨૦ શાળાઓમાંથી જિલ્લાની ૭૦ શાળાઓ પ્રોજેક્ટ માટે પસંદ કરાઈ : હવે જિલ્લા શિક્ષણ સમિતિ ૭૦ શાળાઓની યાદી તૈયાર કરશે

ગાંધીનગર, તા. ૧૪

૧૦૦ દિવસમાં ગાંધીનગર જિલ્લામાં ૭૦ પ્રાથમિક શાળાઓમાં ઈ-લર્નિંગ માટેની વ્યવસ્થા ઉભી કરી દેવામાં આવશે.

રાજ્ય સરકારે ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક ૧૦૦ દિવસ અંતર્ગત રાજ્યની ૫૨૦ શાળાઓમાં ઈ-લર્નિંગ પ્રોજેક્ટસ અમલીકરણનો લક્ષ્યાંક રાખ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૭૦ શાળાઓને ઈ-લર્નિંગ પ્રોજેક્ટમાં આવરી લેવામાં આવશે.

જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આ શાળાઓની પસંદગી અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે. જેમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળા તેમજ પ્રાથમિક શાળાઓને સમાવવા માટેના માપદંડો આખરી કરવામાં આવી રહ્યા છે.

વર્ગખંડોની ઉપલબ્ધિ, વીજળીની સુવિધા, વિદ્યાર્થીઓની સંખ્યા, છેલ્લા ત્રણ ગુણોત્સવમાં શાળાનું પરફોમન્સ સહિતની બાબતોને આવરી લઈ આ શાળાઓની પસંદગી કરવામાં આવશે.

આ સપ્તાહના અંત સુધીમાં આ શાળાઓની પસંદગી પૂર્ણ થઈ જશે. મળતી વિગતો પ્રમાણે શાળાકક્ષાએ આ ઈ-લર્નિંગ પ્રોજેક્ટસ માટે ગુરૂજી ઓન લાઈન સોફ્ટવેર લગાવવામાં આવશે. આ માટે અંદાજે રૂ. ૫ થી ૭ લાખનો ખર્ચ થતો હોય છે. આ માટે એલઈડી ટીવીની પણ જરૂરિયાત રહેતી હોય છે જે સૌથી મોટો ખર્ચ છે. જિલ્લામાં આ શૈક્ષણિક સત્રમાં જ પાંચ શાળાઓને સ્માર્ટ સ્કૂલ અંતર્ગત ઈલર્નિંગની સુવિધા આપવામાં આવી છે. જિલ્લા પંચાયતે વધુ ૨૦ શાળાઓ માટે રજુઆત કરી હતી હવે રાજ્ય સરકારે આ માટે ૭૦ શાળાઓનો લક્ષ્યાંક ફાળવ્યો છે.





ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજથી સ્વચ્છ નગર અભિયાન - ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મ્યુનિ. કમિશનરશ્રી ચૌધરી, મેયર મહેન્દ્રસિંહ રાણા, ડે. મેયર સુભાષ પાંડવ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન આશિષ દવે, નેતાશ્રી મનુભાઈ પટેલ, ધારાસભ્ય અશોક પટેલ, શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલ તેમજ કોર્પોરેટરશ્રીઓ અને મનપાના અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા. સર્વ મહાનુભાવોએ આ અભિયાન અંતર્ગત વાહનોની લીલી ઝંડી આપી નગરને સુંદર બનાવવા શુભેચ્છાઓ આપી હતી. પ્રજાજનોનો પણ સાથ સહકારની અપેક્ષા રાખી હતી. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓની રેલી યોજાઈ

## મુખ્યમંત્રીને પડતર પ્રશ્નો અંગે આવેદનપત્ર આપ્યું : ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધીની રેલીમાં ૫ હજારથી વધુ કર્મચારીઓ જોડાયા

ગાંધીનગર, તા. ૧૪

રાજ્ય મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓએ એન.જી.ઓ. રદ કરો અને માનદ્ વેતનમાં વધારો કરવાની પ્રબળ માંગ સાથે આજે ગાંધીનગરમાં વિશાળ સંખ્યામાં રેલી યોજી હતી. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ૫ હજારથી વધુ કર્મચારીઓ આ રેલીમાં જોડાયા હતા. મધ્યાહ્ન ભોજન કર્મચારી મહામંડળ દ્વારા એન.જી.ઓ. કક્ષાએથી કોઈ કર્મચારીને નિમણૂંક ન અપાતી હોવાના વિવિધ ૬ મુદ્દે મુખ્યમંત્રીના કાર્યાલયને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.

મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી મંડળના પ્રમુખ કીશોરચંદ્ર જોષીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષો જૂના પડતા પ્રશ્નોના ઉકેલ માટે આજે રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં આવેલા કર્મચારીઓ દ્વારા ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધી રેલી યોજવામાં આવી હતી. જ્યારે પ્રશ્નોના નિરાકરણ માટે મુખ્યમંત્રીને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું



હતું. જેમાં જણાવ્યા મુજબ યોજનાનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાને સોંપાતા જિલ્લાના કર્મચારીઓની રોજગારી છીનવાઈ ગઈ છે. ભોજનમાં ગુણવત્તા જળવાતી નથી. ખીલ્લીઓ નીકળે છે. ત્યારે આવી સંસ્થાઓનો કોન્ટ્રાક્ટ રીન્યુ ન થવો જોઈએ. એન.જી.ઓ. દ્વારા શાળામાં લાભાર્થીઓની પુરી સંખ્યા બતાવવામાં આવે છે. જેમાં ભ્રષ્ટાચાર થાય છે. આ યોજના હેઠળ ૧ લાખ કર્મચારીઓ રોજગારી મેળવી રહ્યા છે. ત્યારે વિધવા, ત્યક્તા અને નિરાધારોને ધ્યાને લઈ માનદ વેતનમાં વધારો કરવા પણ રજૂઆત કરવામાં આવી છે. એસ.એમ.સી.ના સભ્યો યાચિકા બાદ ભોજનનું ટેસ્ટીંગ કરે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ જણાવાયું છે. જ્યારે કર્મચારીઓના નિમણૂંકની સત્તા મામલતદારની જગ્યાએ જિલ્લાકક્ષાએ સોંપવામાં આવે તેવી પણ માંગ ઉઠાવી હતી. વધુમાં વયમર્યાદા ૬૦ વર્ષ સુધીની કરવા પણ કર્મચારીઓને માંગણી કરી છે.

# કર્મચારીઓ પડતર પ્રશ્નો મામલે ૧૭મીથી આંદોલન કરશે

## કર્મચારી સંકલન સમિતિની બેઠકમાં નિર્ણય લેવાયો વિધાનસભા બજેટ સત્ર દરમિયાન કાળી પટ્ટી લગાવી ફરજ બજાવશે

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ તેમજ સચિવાલય ફેડરેશને કર્મચારીઓના વિવિધ ૮ પ્રશ્નોનું નિરાકરણ ન આવતા આગામી તા. ૧૭ થી ૩૧ જુલાઈ દરમિયાન વિધાનસભા બજેટ સત્ર દરમિયાન કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી ફરજો બજાવશે તેવો નિર્ણય લીધો છે. જયારે કર્મચારીઓના પ્રશ્નોના નિરાકરણ માટે નકકર પગલાં નહીં લેવામાં આવે તો આગામી દિવસોમાં અન્ય કાર્યક્રમોના માધ્યમથી લડત આપવામાં આવશે.

કર્મચારીઓના ફીકસ પગારના વેતનમાં વધારો, છઠ્ઠા પગાર પંચના બાકી હક્કો-અન્ય ભથ્થાના લાભો, ડ્રાઈવરની આઉટ સોર્સિંગથી ભરતી બંધ કરવા, રહેમરાહે નોકરીની યોજના મૂળ સ્વરૂપે દાખલ કરવા વયનિવૃત્તિની મર્યાદા ૬૦ વર્ષ કરવા સહિત ૮ આર્થિક અને વહીવટી પ્રશ્નોનો ઉકેલ લાવવા કર્મચારી એસોસિએશનો દ્વારા વખતોવખત સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. આમ છતાં આ પ્રશ્નોનું નિરાકરણ આવતું નથી. જેના પરિણામે કર્મચારી આલમમાં પ્રબળ રોષ પ્રવર્ત્યો છે. ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ તથા સચિવાલય ફેડરેશનના પ્રવકતા આર.એ. પટેલે આ અંગે જણાવ્યા મુજબ સમિતિના પ્રતિનિધિઓની આજે બેઠક યોજવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### જાહેરાત

આથી જાહેરાત આપવામાં આવે છે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાંચમો માળ, સહયોગ સંકુલ, સી-બ્લોક, સેકટર-૧૧, ગાંધીનગર (૦૭૯-૨૩૨૫૭૭૬૦)ના હસ્તક આવેલ ફળ નર્સરી છાલા તા.જી. ગાંધીનગર ખાતે ડ્રીપ ઈરીગેશન સેટ ઈન્સ્ટોલ કરવા માટે અંદાજીત ૨૦૦૦૦ રનીંગ ફુટ પી.વી.સી. પાઈપ લાઈન નાંખવા માટે ટ્રેન્ચ ખોદી અને પુરવા માટે (જેમાં ટ્રેન્ચની ઉંડાઈ ૩ ફૂટ અને પહોળાઈ ૮ ઈન્ચ રાખવાની છે.) જેનો અંદાજીત ખર્ચ રૂ. ૧૦૦૦૦૦થી નીચે થાય તેમ છે. તો સદર કામગીરી માટે એજન્સીઓને ભાવ મોકલવા આમંત્રિત કરે છે. રસ ધરાવતી એજન્સીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં કચેરી સમયે નીચે જણાવેલ સરનામે ભાવ રજિસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલી આપવાના રહેશે.

**નોંધ** : કવર પર ટ્રેન્ચ ખોદી અને પુરવાના ભાવ તેમ ફરજીયાત લખવું.

**સરનામું** : નાયબ બાગાયત નિયામકશ્રી
સહયોગ સંકુલ, પાંચમો માળ,
સી-બ્લોક, સેકટર-૧૧, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૫૭૭૬૦

સહી/-
**નાયબ બાગાયત નિયામક**
ગાંધીનગર
માહિતી/૭૧૦/૧૪-૧૫

### નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૬-૭-૧૪, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૮એ, બોરપંપ સબસ્ટેશન**

**સહી/-**
**ટોરેન્ટ પાવર લિમીટેડ**

### અટક બદલેલ છે

મારી અટક પટેલ વૈભવી મુકેશભાઈ હતી તે બદલીને નવી અટક ચૌધરી વૈભવી મુકેશભાઈ રાખેલ છે.

સ્થળ : ૩૦૩, પ્રમુખધામ ફ્લેટ, મોડાસા, સા.કાં.-૩૮૩૩૧૫

### Change of Surname

My old surname is Patel Vaibhavi Mukeshbhai.
My new surname is Chaudhari Vaibhavi Mukeshbhai

Add : 303, Pramukhdham, Modasa, S.K. - 383315

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Kisan
ashirvad
C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com